**ક્રીમીનલ કેસ નં.–૩૫૧૭૧/૨૦૧૯**

## –: આંક –૧ હેઠળ હુકમ :–

આ કામે પક્ષકારો વચ્ચે ઘરમેળે સમધાન થતા, આજરોજ હાલનો કેસ માંડવાળ કરવા માટે ફરીયાદ પક્ષે આંક–૨૨ થી વિડ્રો પુરસીસ રજુ રાખેલ છે, હાલનો નેગોશીએબલ ઈન્સ્ટ્રમેન્ટ એકટના કાયદાની કલમ ૧૪૭ મુજબ કેસ સમાધાનના લાયક છે, તેવા સંજોગોમાં જ્યારે પક્ષકારો વચ્ચે સમાધાન થવાથી કોઈ તકરાર રહેતી નથી અને તેઓની વચ્ચે તકરારનો સુખદ અંત લોક અદાલતમાં આવેલ છે અને તેના કારણે લોક અદાલતની કામગીરીને પણ પક્ષકારો તરફથી પ્રોત્સાહન મળેલ છે તેવા સંજોગોમાં નામદાર એપેક્ષ કોર્ટના ૨૦૧૪(૧૦) એસ.સી.સી. ૬૯૦ મધ્ય પ્રદેશ સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટી વિરૂધ્ધ પ્રતિક જૈનના ચુકાદાના આધારે લોક અદાલતમાં સમાધાન થયેલ હોવાથી તથા કાયદાની જોગવાઈ પ્રમાણે સમાધાન પાત્ર કેસ હોવાથી ૧૦ ટકા પ્રમાણેની કોસ્ટ નહી કરવાથી ન્યાયનો સિદ્ધાંત જળવાશે અને પક્ષકારો લોક અદાલતમાં કેસો ફેંસલ કરવા માટે પ્રોત્સાહિત થશે જેથી ન્યાયના હિતમાં નામદાર એપેક્ષ કોર્ટના ચુકાદાના આધારે ૧૦ ટકાની કોસ્ટનો હુકમ ન્યાયના હિતમાં કરેલ નથી અને સદરહુ પુરશીશ આધારે હાલનો કેસ આજરોજની કાયમી લોક અદાલતમાં વિડ્રોલથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સુરત.

તા.૧૨–૧૧–૨૦૨૨.

(એચ.એ. બ્રહ્મભટ્ટ)

સ્પે.જજ નેગોશીએબલ કોર્ટ
સુરત